# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-01-2025** **Midday : 2.30 to 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

......................................

# CABINET

ગાંધીનગરમાં આજે સવારે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી જેમાં બનાસકાંઠા જીલ્લાનું વિભાજન કરીને નવો જીલ્લો બનાવવા અંગે ચર્ચા કરાઇ હતી.

અમારા ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, કેબિનેટની બેઠકમાં બે નવાં જિલ્લા બનાવવા અંગે મંજૂરી અપાઇ છે જોકે મુખ્યમંત્રી કક્ષાએથી આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. મળેલી માહિતી અનુસાર નવી ૯ મહાનગરપાલિકાઓને પણ રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, મહેસાણા, મોરબી, નવસારી, સુરેન્દ્રનગર, ગાંધીધામ, વાપી અને આણંદ નડિયાદ પોરબંદરમાં નવી મહાનગરપાલિકા રચવાની અગાઉ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# SCHOOLACCREDATION

રાજ્યમાં આ વર્ષનો ગુણોત્સવ ૨.૦ કુલ ચાર તબક્કામાં યોજાશે જેમાં પ્રથમ અને બીજા સોપાનની કામગીરી ૩૦ ડિસેમ્બર ૨૦૨૪થી થઇ હતી જે ૧૮મી જાન્યુઆરી સુધી યોજાશે. આ કાર્યક્રમમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને આવરી લેવાશે. સાથે જ આશ્રમશાળાઓમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવશે. ગુણોત્સવ ૨.૦ માટે પ્રાથમિક અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની માર્ગદર્શિકા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ GCERT દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં કુલ ચાર ક્ષેત્રમાં સ્કૂલ એક્રેડિટેશન પ્રક્રિયા હાથ ધરાશે.

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૩૫ હજારથી વધુ શાળાઓનું એક્રેડિટેશન કરાયું છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 મુજબ સ્કૂલ એક્રેડિટેશનના ત્રીજા સોપાનમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં હાજરી, સામયિક કસોટી, સત્રાંત કસોટી, પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષા, બોર્ડની પરીક્ષા, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CET), મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS) જેવી નવી બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે, ચોથા સોપાનમાં રાજ્યમાં સ્કૂલ એક્રેડિટેશન થયેલ શાળાઓ પૈકીની મહત્તમ ૩૩ ટકા સુધીની શાળાઓનું વેરિફાયર્સ દ્વારા ક્રોસ વેરિફિકેશન બાદ શાળાઓના રિપોર્ટ કાર્ડ પ્રસિદ્ધ કરાશે.

. . . . . . . . . . . . .

# HAJIRA FIRE

સુરતના હજીરા વિસ્તારમાં આવેલી આર્સેલર મિત્તલ કંપનીમાં પ્લાન્ટમાં સર્જાયેલી દુર્ઘટનાના પગલે ચાર લોકોના મોત થયાં છે. કંપનીના ફોરેક્સ બે પ્લાન્ટમાં રો મટીરીયલ લઈ જતી પાઇપમાં ખામી સર્જાતા આ દુર્ઘટના ઘટી હતી.. આ રો-મટીરીયલ ચાર લોકો પર પડ્યું હતું અને તેના જ કારણે ચાર કામદારો ઘટના સ્થળ પર મોત થયા હતા..આગમાં ચારેય કામદારોના મૃતદેહ બળીને ખાખ થઇ ગયાહતા જેના કારણે તેમની ઓળખ માટે સુરતની સિવિલ હોસ્પિટલમાં ડીએનએ ટેસ્ટ કરાયા  હતાં..આ ઘટના અંગે સુરતના ડીસીપી વિજયસિંહ ગુર્જરે ઘટનાની વધુ વિગતો આપી હતી.

(બાઈટ -- વિજયસિંહ ગુર્જર, ડીસીપી, સુરત)

. . . . . . . . . . . . .

# BK ACCIDENT

બનાસકાંઠાના સુઈગામના ઉચોસણ અને સોનેથ ગામ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાતા ત્રણના મોત થયા છે.

ભારતમાલા રોડ ઉપર લકઝરી બસ અને ટેન્કર વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ઘાયલ થયેલા વ્યક્તિઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

નવા વર્ષના પ્રારંભે રાત્રિના બે વાગ્યાના અરસામાં આ અકસ્માત થયો હતો.

. . . . . . . . . . . . .

# MAHESANA- KAPAS AAVAK

મહેસાણા જિલ્લામાં આવેલા ઊંઝા નજીકનાં ઉનાવા માર્કેટયાર્ડમાં કપાસની આવક થઈ રહી છે. અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે દરરોજ કપાસની 11 ગાડીઓની આવક થઈ રહી છે. જેમાં સરેરાશ ભાવ રૂપિયા 1450 થી 1500 રૂપિયા સુધીના રહ્યા હતા. એપ્રિલ મહિના સુધી વેચાણ ચાલશે. ખેડૂતોને સારા પ્રમાણમાં પોષણક્ષમ ભાવ મળતા આનંદની લાગણી છવાઈ છે. . . . . . . . . . . . . .

# AMBJI NEW YEAR

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આજે 2025 ના નવા વર્ષના પ્રારંભે વહેલી સવારથી  ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી વહેલી સવારની નવા વર્ષની મંગલા આરતીમાં પણ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં. આજના નવા વર્ષા આરંભે શ્રધ્ધાળુઓએ પોતાના પરિવાર અને દેશની અને રાજ્યની પ્રગતિ માટેની પ્રાર્થના કરી હતી.

(ઓડિયો - શ્રદ્ધાળુ)

જ્યારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં 2025ના પ્રથમ દિવસે પ્રાતઃ આરતીના દર્શનાર્થે ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા અને શીવભક્તોએ વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરી હતી. આજના આ દિવસે સોમનાથ મહાદેવની વિશેષ આરતી અને શ્રૃંગાર કરાયા હતા.

. . . . . . . . . . . . .